# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

BAOU
Education for All

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## ડિપ્લોમા - બૌદ્ધિક સંપત્તિ અને સાયબર અપરાધ
## Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

**સેમેસ્ટર – 1**

**પેપર - DIPACC - 1**

**બૌદ્ધિક સંપત્તિનો ખ્યાલ**

**(Concept of Intellectual Property)**



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

## DIPACC - Paper – 1 બૌદ્ધિક સંપત્તિનો ખ્યાલ (Concept of Intellectual Property)


**નિદર્શન**

**પ્રો. યોગેન્દ્ર પારેખ** નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

**સંપાદક**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** DIPACC કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. અરુંધતી દાસાણી** આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**સુશ્રી સત્યા એસ. પોગારૂ** પેટન્ટ એજન્ટ, પાર્ટનર અને વાઇસ-પ્રેસિડેન્ટ, એન્જીનિયર અને સોફ્ટવેર ગ્રુપ, લેક્સપર્ટ કોન્સિલિયમ એલએલપી, અમદાવાદ

**લેખન**

**ડૉ. અમિત મહેતા** આસિસ્ટન્ટ પ્રોફેસર, લો-કોલેજ, ગોધરા, શેઠ પી. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસ, ગોધરા

**ડૉ. રક્ષા દવે** અધ્યાપક સહાયક, શેઠ એચ. જે. લો કોલેજ, ભાવનગર

**વિષય પરામર્શન**

**ડૉ. મીનલ એ. રાવલ** આચાર્ય, એ. એમ. પી. સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**ભાષા પરામર્શન**

**પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2025: પ્રથમ આવૃત્તિ**

**ISBN NO:** **978-93-5598-862-1**

978-93-5598-862-1



**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**DIPACC – સેમેસ્ટર – 1**

**પાઠ્યક્રમ – 1 બૌદ્ધિક સંપત્તિનો ખ્યાલ**

**(Concept of Intellectual Property)**


**એકમ-1**

**બૌદ્ધિક સંપત્તિનો પરિચય** **01**

**એકમ-2**

**બૌદ્ધિક સંપત્તિના મૂળ** **08**

**એકમ-3**

**ભારતમાં બૌદ્ધિક સંપત્તિનો શાસનકાળ** **16**

**એકમ-4**

**આર્થિક વિકાસ અને બૌદ્ધિક સંપત્તિ** **31**

**એકમ-5**

**પેટન્ટ્સ : હલ્દી યુદ્ધ કેસ** **41**

# વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, બૌદ્ધિક સંપત્તિના અભ્યાસનો મુખ્ય હેતુ એ છે કે વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપત્તિના મૌલિક સિદ્ધાંતો, તેના વિવિધ પ્રકારો, અને તેની કાનૂની જરૂરીયાતોનો પરિચય થાય. આ કોર્સ વિદ્યાર્થીઓને બૌદ્ધિક સંપત્તિના વિવિધ પાસાઓને સમજવામાં અને બૌદ્ધિક સંપત્તિ સંબંધિત ભારતીય કાનૂન વ્યવસ્થાના વિકાસને સમજવામાં મદદરૂપ બનશે. DIPACC - Paper – 1 બૌદ્ધિક સંપત્તિનો ખ્યાલ (Concept of Intellectual Property) દ્વારા વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપત્તિની મહત્વતા અને તેને સંરક્ષિત કરવાની જરૂરિયાત વિશે માહિતગાર થશે.

વિદ્યાર્થીમિત્રો, પ્રથમ એકમ - બૌદ્ધિક સંપત્તિનો પરિચય (Introduction to Intellectual Property)માં બૌદ્ધિક સંપત્તિના મૂળ તત્વો, તેના વિવિધ પ્રકારો (જેમ કે કૉપીરાઇટ, પેટન્ટ, ટ્રેડમાર્ક, વગેરે), અને બૌદ્ધિક સંપત્તિ સંબંધિત કાનૂનની આવશ્યકતા અંગેની માહિતી સમાવિષ્ટ છે.

બીજા એકમ - બૌદ્ધિક સંપત્તિના મૂળ (Origins of Intellectual Property)માં બૌદ્ધિક સંપત્તિની ઉત્પત્તિનો ઈતિહાસ જાણવો અત્યંત મહત્વનો છે કારણ કે તે વિશ્વભરના વિવિધ દેશોમાં કાનૂની અને સામાજિક પરિસ્થિતિઓના આધારે વિકસિત થયું છે, બૌદ્ધિક સંપત્તિના ઈતિહાસની સફર, તેના મૂળ તત્વો, અને આ ક્ષેત્રના વિકાસમાં મહત્ત્વના તબક્કાઓની ચર્ચા બીજા એકમમાં કરવામાં આવેલ છે.

ત્રીજા એકમ - ભારતમાં બૌદ્ધિક સંપત્તિનું શાસનકાળ (Governance of Intellectual Property in India)માં ભારતીય સંવિધાન અને બૌદ્ધિક સંપત્તિ સાથે જોડાયેલા કાયદા તથા નિયમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. અહીં, દેશના બૌદ્ધિક સંપત્તિના ઈતિહાસ, સંરક્ષણ નીતિઓ, અને બૌદ્ધિક સંપત્તિના શાસન સંબંધિત વિવિધ કાનૂની કિસ્સાઓની ચર્ચા કરેલ છે.

ચોથા એકમ - આર્થિક વિકાસ અને આઈ.પી.આર. (Economic Development and IPR)માં આર્થિક વિકાસમાં બૌદ્ધિક સંપત્તિની ભૂમિકા, નવીનતા અને ટેકનોલોજી ટ્રાન્સફરમાં બૌદ્ધિક સંપત્તિનું મહત્વ, અને બૌદ્ધિક સંપત્તિનો અર્થવ્યવસ્થાઓ પર પડતા પ્રભાવનો અભ્યાસ સમાવિષ્ટ છે.

વિદ્યાર્થીમિત્રો, પાંચમા એકમ - પેટન્ટ્સ – હળદર કેસ (Patents - The Turmeric Case)માં, હળદર કેસનું વિશ્લેષણ, ભારતીય સંસ્કૃતિના દાવાઓ પર થતી આંતરરાષ્ટ્રીય પેટન્ટ પ્રક્રિયા, અને બૌદ્ધિક સંપત્તિના અધિકારોના રક્ષણ માટે ભારતના પ્રયાસો અંગે ચર્ચા કરેલ છે.

એકમ 1

# બૌદ્ધિક સંપત્તિનો પરિચય

-: રૂપરેખા :-

1.0 ઉદ્દેશો

1.1 બૌદ્ધિક સંપત્તિનો પરિચય / પ્રસ્તાવના

1.2 બૌદ્ધિક સંપત્તિની વ્યાખ્યા

1.3 બૌદ્ધિક સંપત્તિ એક "સંપત્તિ" તરીકે (IP as Property)

1.4 બૌદ્ધિક સંપત્તિની ઉત્પત્તિ

1.5 વિજ્ઞાન, તકનીકી અને બૌદ્ધિક સંપત્તિ

1.6 મહત્ત્વ

1.7 સારાંશ

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 ચાવીરૂપ શબ્દો

1.10 સંદર્ભ સૂચિ

## 1.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- બૌદ્ધિક સંપત્તિની વ્યાખ્યા જાણી શકશો.
- બૌદ્ધિક સંપત્તિની ઉત્પત્તિ વિશે માહિતી મેળવી શકશો.
- બૌદ્ધિક સંપત્તિનો પરિચય મેળવી શકશો.

## 1.1 બૌદ્ધિક સંપત્તિનો પરિચય / પ્રસ્તાવના

બૌદ્ધિક સંપત્તિ એ મિલ્કતની શ્રેણી છે જેમાં માનવ બુદ્ધિની અમૂર્ત રચનાનો સામેલ હોય છે. ઘણી બધી પ્રકારની બૌદ્ધિક સંપત્તિઓ છે તેમાં સૌથી જાણીતા પ્રકારો કોપીરાઈટ્સ, ટ્રેડમાર્ક, પેટન્ટસ અને ટ્રેડ સિક્રેટ વેપારના રહસ્યો છે. પ્રાચીન રોમન સમાજમાં પ્રારંભિક બૌદ્ધિક સંપત્તિનો ખ્યાલ હતો પરંતુ ઈંગ્લેન્ડમાં ૧૭મી અને ૧૮મી સદીમાં બૌદ્ધિક સંપત્તિનો આધુનિક ખ્યાલ વિકસિત થયો હતો. "બૌદ્ધિક સંપત્તિ" એ શબ્દનો ઉપયોગ ૧૯મી સદીમાં થવાનું શરૂ થયું જોકે તેમ છતા ૨૦મી સદીના અંત સુધીમાં વિશ્વની મોટાભાગની કાનુની પ્રણાલીઓમાં બૌદ્ધિક સંપત્તિ સામાન્ય બની ગઈ ન હતી.

બૌદ્ધિક સંપત્તિ કાયદાનો મુખ્ય હેતુ વિવિધ પ્રકારના બૌદ્ધિક માલના નિર્માણને પ્રોત્સાહિત કરવાનો છે. કાયદો લોકો અને ઉદ્યોગોને બનાવેલી માહિતી અને બૌદ્ધિક માલસામાન તે સામાન્યરીતે મર્યાદિત સમયગાળા માટે સંપત્તિના અધિકાર આપે છે. તેમજ તેમના નિર્માણ માટે આર્થિક સહાય પણ આપે છે. બૌદ્ધિક સંપત્તિના પ્રોત્સાહનથી નવીનતાને સંશોધનને ઉત્તેજીત

થવાની અને દેશની તકનીકી પ્રગતિમા ફાળો આપવાની અપેક્ષા છે. તેમજ દરેક સંશોધકને સંરક્ષણ આપવાની અપેક્ષા છે.

જ્યારે જમીન અથવા માલ જેવી પરંપરાગત સંપત્તિ સાથે તુલના કરવામાં આવે ત્યારે બૌદ્ધિક સંપત્તિનું અમુર્ત સ્વરૂપ થોડું જટીલ અને મુશ્કેલી ભર્યું લાગે ખરૂ, પરંપરાગત સંપત્તિથી વિપરીત બૌદ્ધિક સંપત્તિ એ અવિભાજ્ય છે. કારણ કે અમર્યાદિત લોકો પોતાની બૌદ્ધિક સરાને ખાલી કર્યા વિના 'વપરાશ' કરી શકે છે. બૌદ્ધિક માલના રોકાણો યોગ્યતાની સમસ્યાથી પીડાય છે. કેમ કે એક જમીનનો માલિક તેમની જમીનને એક મજબૂત વાડથી ઘેરી શકે છે. અથવા તો તેની સુરક્ષા માટે સશસ્ત્ર રક્ષકો ભાડે પણ રાખી શકે છે. પરંતુ માહિતી અથવા સાહિત્યના નિર્માતા તેના પ્રથમ ખરીદનારને તેની નકલ કરતા ઓછા પ્રમાણમાં રોકી શકે છે. હકનું સંતુલન જરૂરી છે જેથી બૌદ્ધિક માલના નિર્માણને પ્રોત્સાહિત કરી શકાય તેમજ બૌદ્ધિક માલની ગુણવત્તા, તેમજ નકલ તેમાં ખોટા ઉપયોગને અટકાવી શકાય. જે આધુનિક બૌદ્ધિક સંપત્તિના કાયદાનું પ્રાથમિક કાર્ય છે.

## 1.2 બૌદ્ધિક સંપત્તિની વ્યાખ્યા :

☞ બૌદ્ધિક સંપત્તિ શું છે ?

બૌદ્ધિક સંપત્તિ એ વ્યક્તિના મન બુદ્ધિથી ઉત્પન્ન કરેલી રચનાઓ છે. જેમ કે કોઈ સંશોધન, સાહિત્યીક અને કલાત્મક કાર્ય અથવા શોધ, ડિઝાઈન, વેપાર-વાણિજ્યમાં વપરાયેલ નામો, ફોટાઓ, પ્રતિકો વગેરે.

વ્યક્તિના પોતાના જ્ઞાન તેમજ આવડતમાંથી રચાયેલ નવીન શોધ, રચના, પ્રક્રિયા પ્રતીક અથવા ડિઝાઈન પર પોતાનો અધિકાર રહેલો છે. એ અધિકારને સુરક્ષિત કરવા માટેનો બૌદ્ધિક સંપત્તિના કાયદાનો મુખ્ય હેતુ રહેલો હોય છે.

## 1.3 બૌદ્ધિક સંપત્તિ એક "સંપત્તિ" તરીકે (IP as Property) :

બૌદ્ધિક સંપત્તિ એક પદ્ધતિ છે જેનો હેતુ એવા વાતાવરણને પ્રોત્સાહન આપવાનો છે કે જેમાં સર્જનાત્મકતા અને નવીનતા વિકસિત થઈ શકે.

બૌદ્ધિક સંપત્તિને સામાન્યરીતે બે વિભાગમાં વહેંચવામાં આવે છે.

**(1) ઔદ્યોગિક સંપત્તિ :**

જેમાં પેટન્ટ, ટ્રેડમાર્ક, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેતોનો સમાવેશ કરવામાં આવે છે.

**(2) કોપીરાઈટ્સ :**

જેમાં સાહિત્યિક કૃતિઓ (જેવી કે નવલકથાઓ, કવિતાઓ, અને નાટકો), ફિલ્મ, સંગીત, કલાત્મક કાર્ય (જેવા કે રેખાંકનો, ચિત્રો, ફોટોગ્રાફસ અને શિલ્પ) અને સ્થાપત્ય ડિઝાઈન કલાનો સમાવેશ થાય છે.

## 1.4 બૌદ્ધિક સંપત્તિની ઉત્પત્તિ :

બૌદ્ધિક સંપત્તિના મૂળ પ્રાચિન દિવસોનો સમય જ્યારે બાયેન્ટાઈન સામ્રાજ્યમાં ઈજારો હતો. ઈ.સ. પૂર્વે ૭મી સદીમાં પ્રાચીન ગ્રીસે નવી વાનગીઓનું એક વર્ષમાટે શોષણ કરવા માટે

રસોયાઓને ઈજારો આપ્યો હતો. પરંતુ થોડી સદીઓ પછી રોમમાં સમ્રાટ જેનો એ ઈજારાશાહીના ખ્યાલને નકારી કાઢ્યો હતો. ઈ.સ.પૂર્વે ૪૮૦મી સદીમાં એક ઘોષણા દ્વારા સમ્રાટ જેનોએ આદેશ આપ્યો કે કોઈએ કોઈપણ વસ્ત્રો અથવા માછલી અથવા કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓ પર એકાધિકાર કે ઈજારો ન રાખવો. ઈ.સ.૧૪૩૨ સુધીમાં વેનિસની સેનેટે રેશમના નિર્માણને વેગ આપવા માટે કોઈપણ મશીન અથવા પ્રક્રિયાની સોધ કરનારાઓને વિશિષ્ટ સુવિધાઓ પુરી પાડતો કાયદો બનાવ્યો હતો. આ કાયદામાં આવેલ સુરક્ષાઓ થોડા સમય પછી વિસ્તૃત પણ કરવામાં આવી હતી.

આ રીતે રજુ કરેલા કોઈપણ નવા વિચારથી સુરક્ષા મેળવવાનું શરૂ થયું. બૌદ્ધિક સંપત્તિના હક્કોના રક્ષણ માટેના કાયદાઓનો પ્રારંભિક ભાગ પેટન્ટના ક્ષેત્રમાં હતો.

આમ બૌદ્ધિક સંપત્તિના અધિકારોની ઉત્પત્તિ યુરોપિયન ક્રાંતિ કે તે સમયગાળા દરમ્યાન સાથે જોડાયેલી છે. તે સમયગાળા દરમ્યાન લોકોએ વિચારવાનું શરૂ કર્યું કે પ્રાચીન ગ્રંથોના અધ્યયન દ્વારા દૈવી સાક્ષાત્કારને બદલે ઈન્દ્રિય ઉપર કામ અસર કરતા માનવમનમાંથી જ કંઈક જ્ઞાન ઉપજે છે તેમજ મનુષ્ય પોતે પોતાના વિચારોનો માલિક હોય છે.

વિશિષ્ટ રીતે જોઈએ તો આધુનિક હોવા છતાં બૌદ્ધિક સંપત્તિ એ એક ગહન ખ્યાલ છે. ન્યાયશાસ્ત્રની સાથે સંકળાયેલ કોપીરાઈટ, પેટન્ટ અને ટ્રેડમાર્ક જેવા કાયદાઓ આધુનિક સમયના રીજાવ સાથે સુસંગતતા સાથે પોતાનો માર્ગ શોધી લે છે.

## 1.5 વિજ્ઞાન, તકનીકી અને બૌદ્ધિક સંપત્તિ :

ભારત ઝડપથી વૃદ્ધી પામી રહ્યું છે ત્યારે વિજ્ઞાન અને તકનીકી નો સકુશળ ઉપયોગનું મહત્ત્વ વધી જાય છે. જો આપણે માલ ઉત્પન્ન કરવા અને તેમને બજારોમાં લાવવાની વધુ સારી સસ્તી અને ઉત્તમ રીતો શોધી શકતા નથી તો વૈશ્વિક બજારમાં આપણું સ્થાન રહેતું નથી. આપણે આપણાજ જ્ઞાનના માધ્યમથી નવીનતા અને સર્જનાત્મકતાની શક્તિને પહોંચી વળ્યા વિના વૈશ્વિક બજારોમાં વધઘટનો સામનો કરવા સક્ષમ, ટકાઉ રોજગાર અને મજબૂત અર્થવ્યવસ્થા બનાવી શકતા નથી.

આપણે હવે સને.૨૦૨૦ પછીના વર્ષોમાં જે જોઈએ છીએ તે એક વાસ્તવિક ભાગીદારી છે ખાસ કરીને જાહેર અને ખાનગી ક્ષેત્રની વચ્ચે, આ માન્યતાને આધારે કે વૈજ્ઞાનિક પ્રયત્નો, નવિનતા અને સર્જનાત્મકતાના ફળ સમાનરૂપે વહેંચવા જોઈએ. તેમજ વિજ્ઞાન, તકનીકી અને સંશોધન (Science, Technology and Innovation) (STI) દ્વારા વધુ મજબૂત વિકાસને વેગ આપી શકાય છે, અને ભવિષ્યમાં મજબૂત વિકાસ માટેના વિકલ્પોનું નિર્માણ તેમજ ઉપલબ્ધ ઉથ્તમ પુરાઓમાં સ્થાપિત પદ્ધતિને અપનાવવા પ્રોત્સાહન આપી શકે છે.

વિજ્ઞાન અને સમાજ વચ્ચે રહેલા પડકારોનો સામનો કરવા માટે તેમજ તેમની વચ્ચે રહેલ અવરોધોને તોડવા જરૂરી છે.

સર્જનાત્મકતા અને નવીનતા એક કુદરતી સંશોધન છે જેમાં દરેકદેશ પ્રબુદ્ધતા ધરાવે છે. બૌદ્ધિક સંપત્તિએ નીતિપૂર્ણ માળખુ પ્રદાન કરે છે. જે સર્જનાત્મકતા અને નવિનતાના રક્ષણ અને વિકાસ દ્વારા અમૂર્ત સંસાધનોને એક મજબૂત વિકાસશીલ સંપત્તિમાં પરિવર્તિત કરવામાં સક્ષણ કરી શકે છે.

વિજ્ઞાન, તકનીકી અને નવીનતાના માળખાના આધાર તરીકે સર્જનાત્મકતા અને નવિનતા, ભવિષ્યમાં આવનારા પડકારોનો સામનો કરવા માટે કેન્દ્રમાં સંદેશ જેમકે, વૈશ્વિક

વિકાસ, આરોગ્ય પર્યાવરણ અને ખાદ્ય સુરક્ષા ઉત્પન્ન કરવાને મજબુત બનાવવા અને ખાનગી ક્ષેત્રના વિકાસ અને સ્પર્ધાત્મકતામાં રોકાણ કરવા માંગતા ઘણા વિકાસશીલ દેશો માટે એક મોટો પડકાર રાષ્ટ્રીય નવીનીકરણ ક્ષેત્રને મજબુત કરવાની જરૂર છે. તેના સમાધાનના ભાગ તરીકે સ્થાપિત બનાવટ. નવીનતા અને અધિકારોના રક્ષણ અને વિકાસ માટે

## 1.6 મહત્ત્વ :

બૌદ્ધિક સંપત્તિ-અમૃતં સંપત્તિ છે જે વ્યક્તિની સર્જનાત્મકતાને રક્ષણ આપવાનું કાર્ય પણ કરે છે. તેમજ ઉદ્યોગોને વિકાસની નવી ચરમસીમાએ પહોંચાડવાનું કાર્ય પણ કરે છે. જેમકે બૌદ્ધિક સંપત્તિ (IP) સિસ્ટમથી સજ્જ કોઈ સંસ્થા તેની આંતરીક પ્રક્રિયાઓ દ્વારા ગ્રાહકોને ઉત્તમ સંતોષયુક્ત માલ-સામાન આપે છે. તેમજ રોયલ્ટી હક્ક જેવા કાનુની હક્કની મુલ્ય પણ પ્રાપ્ત કરી શકાય છે.

બૌદ્ધિક સંપત્તિ હકોની વ્યાખ્યા, રક્ષણ અને અમલ માટે બહુપક્ષીય સંધિ યોજનાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો જેવી આંતરરાષ્ટ્રીય સીસ્ટમ કાર્યરત છે, જેમાં વેપાર સંબંધિત બૌદ્ધિક સંપત્તિના હક્કો (TRIPS), વિશ્વ બૌદ્ધિક સંપત્તિ સંગઠન (WIPO), વિશ્વ કસ્ટમ્સ સંસ્થા (WCO), આંતરરાષ્ટ્રીય વેપાર કાયદા અંગે યુનાઈટેડનેશન્સ કમિશન (UNCITRAL), વિશ્વ વેપાર સંગઠન (WTO), અને યુરોપિયન યુનિયન (EU), નો સમાવેશ થાય છે.

બૌદ્ધિક સંપત્તિને ચાર પ્રકારમાં વહેંચવામાં આવે છે. જેમાં કોપીરાઈટ, ટ્રેડમાર્ક, પેટન્ટ, અને વેપાર રહસ્ય (ટ્રેડ સિક્રેટ) જેનું અલગ-અલગ રીતે મહત્ત્વ રહેલું છે. વૈશ્વિક આર્થિક વાતાવરણમાં થતા ફેરફારોએ વ્યવસાયિક મોડેલોના વિકાસને પ્રભાવિત કર્યા છે. જ્યાં બૌદ્ધિક સંપત્તિ (IP) એ કેન્દ્રવર્તિત તત્વ છે જે મૂલ્ય અને સંભવિત વૃદ્ધિ સ્થાપિત કરે છે.

બૌદ્ધિક સંપત્તિનું મહત્ત્વ સમજવા માટે તેનું મૂલ્ય સમજવું જરૂરી છે. જે ત્રણ પ્રકારની પદ્ધતિથી માપી શકાય છે.

(1) કિંમત આધારિત મૂલ્યાંકનમાં ઐતિહાસિક રીતે સંપત્તિ બનાવવા માટે કેટલો ખર્ચ થાય છે તેમજ વર્તમાન દરોને આધારે તેને ફરીથી બનાવવા માટે કેટલો ખર્ચ થશે તે બંને કિંમત આધારીત મૂલ્યાંકન ધ્યાનમાં લે છે.

(2) બજાર આધારિત મૂલ્યાંકનમાં મૂલ્યટના નિષ્કર્ષ પર પહોંચવા સમાન સંપત્તિનું વેચાણ અથવા ખરીદી, તેમજ તુલનાત્મક બજાર વ્યવહારો પર ધ્યાન આપવામાં આવે છે.

(3) આવક આધારિત મૂલ્યાંકનમાં ઐતિહાસિક કમાણી અને અપેક્ષિત ભાવી કમાણીના આધારે બૌદ્ધિક સંપત્તિને આભારી આવકના પ્રવાહને જોવામાં આવે છે.

## 1.7 સારાંશ

બૌદ્ધિક સંપદા એક એવો શબ્દ છે જે મનની વિવિધ પ્રકારની રચનાઓનો ઉલ્લેખ કરે છે અને સૂચવે છે કે જેના માટે કાયદો તેના સર્જકને ચોક્કસ મિલકત અધિકારો આપે છે.

'પ્રોપર્ટી'ની વિભાવનાએ તે વિપુલ પ્રમાણમાં સ્પષ્ટ કર્યું છે કે મિલકતમાં માત્ર ઘર, કાર, ફર્નિચર, ચલણ, રોકાણ વગેરે જેવી મૂર્ત વસ્તુઓનો સમાવેશ થતો નથી અને આ અસ્કયામતો એકમાત્ર પ્રકારની મિલકત નથી કે જે કાયદા દ્વારા રક્ષણનો વિષય છે. અમૂર્ત મિલકતોના અન્ય ઘણા સ્વરૂપો છે જે 'બૌદ્ધિક સંપત્તિ' શબ્દથી ઓળખાય છે જેને કાયદા દ્વારા માન્યતા આપવામાં આવી છે અને આ રીતે તેના હકના માલિક અથવા આવા હકના માલિક

દ્વારા અધિકૃત વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા કોઈપણ પ્રકારના ઉલ્લંઘન સામે રક્ષણ આપવામાં આવ્યું છે.

બૌદ્ધિક સંપદા કાયદા હેઠળ, આવી અમૂર્ત સંપત્તિના માલિકોને તેમની સંબંધિત અમૂર્ત સંપત્તિ/કૃતિઓ પર અમુક વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા છે અને એનાયત કરવામાં આવ્યા છે, જેમાં સંગીત, સાહિત્યિક અને કલાત્મક કાર્યોનો સમાવેશ થાય છે; શોધો અને શોધો; અને શબ્દો, શબ્દસમૂહો, પ્રતીકો અને ડિઝાઈન વગેરે.

પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને ડીઝાઈન અધિકારો એ બૌદ્ધિક ગુણધર્મોની વ્યાપક ચાર મુખ્ય શ્રેણીઓ છે, જો કે સમયની સાથે સાથે આવી સંપત્તિઓનું ક્ષેત્ર વિસ્તરી રહ્યું છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો :

**પ્રશ્ન-1 બૌદ્ધિક સંપત્તિની વ્યાખ્યા આપી તેનો પરીચય આપો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્રશ્ન-2 વિજ્ઞાન ટૅક્નોલૉજી અને બૌદ્ધિક સંપત્તિ વિશે ચર્ચા કરો.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**ટૂંકનોંધ લખો**

(1) બૌદ્ધિક સંપત્તિનું મહત્ત્વ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) બૌદ્ધિક સંપત્તિનું મૂળ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

...................................................................................................

...................................................................................................

**(1) ઔદ્યોગિક સંપત્તિમાં_________નો સમાવેશ થાય છે.**

(a) પેટન્ટ (b) ટ્રેડમાર્ક

(c) ભૌગોલિક સંકેતો (d) ઉપરના બધા

**[ઉત્તર : (d)]**

**(2) બૌદ્ધિક સંપત્તિનો આધુનિક ખ્યાલ વિકસિત ક્યા દેશમાં થયો ?**

(a) ઈંગ્લેન્ડ (b) અમેરિકા

(c) ભારત (d) ઓસ્ટ્રેલિયા

**[ઉત્તર : (a)]**

**(3) બૌદ્ધિક સંપત્તિ એ_________છે.**

(a) મન બુદ્ધિથી કરેલ ઉત્પન્ન રચનાઓ છે.

(b) અદશ્ય મિલ્કત છે

(c) નવીનતમ શોધ છે

(d) ઉપરના બધા

**[ઉત્તર : (d)]**

**(4) STI એટલે શું ?**

(a) Super Technology Industries

(b) Science Technology Industries

(c) Science Technology and Innovation

(d) Service Technology and Innovation

**[ઉત્તર : (c)]**

**(5) બૌદ્ધિક સંપત્તિના આવિષ્કાર સ્વરૂપ_________થી કૃષિ ક્ષેત્રે ઉત્ક્રાંતિ થઈ છે.**

(a) બાયોટેકનોલોજી (b) આયોજનથી

(c) ખાતરથી (d) સાધનોથી

**[ઉત્તર : (a)]**

**(6) WTO એટલે શું ?**

(a) World Trade Organization

(b) World Transmission Organization

(c) World Technological Organization

(d) World Tharmal Power Organization

**[ઉત્તર : (a)]**

## 1.9 ચાવીરૂપ શબ્દો

- બૌદ્ધિક સંપદા (Intellectual Property - IP) : સર્જકો અને શોધકર્તાઓને તેમની રચનાઓ અને શોધને સુરક્ષિત રાખવા માટે આપવામાં આવેલા કાનૂની અધિકારો.
- લાયસન્સિંગ (Licensing) : સામાન્ય રીતે વળતરના બદલામાં, વ્યાખ્યાયિત નિયમો અને શરતો હેઠળ IP અધિકારોનો ઉપયોગ કરવાની પરવાનગી આપવી.

## 1.10 સંદર્ભ સૂચિ

1. Ahuja V K, Law Relating to Intellectual Property Rights, LexisNexis, 2017
2. Pandey and Dharni, Intellectual Property Rights, Eastern Book Company, 2014
3. Gopalakrishnan and Agitha, Principles of Intellectual Property, Eastern Book Co., 2006

**************************

એકમ 2

# બૌદ્ધિક સંપત્તિના મૂળ

**-: રૂપરેખા :-**


**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વિવિધ બૌદ્ધિક સંપત્તિની સમયરેખા**

**2.3 બૌદ્ધિક સંપત્તિના પ્રકારો**

**2.4 બૌદ્ધિક સંપત્તિના ઉદાહરણ**

**2.5 બૌદ્ધિક સંપત્તિ અમારો અધિકાર**

**2.6 સારાંશ**

**2.7 તમારી પ્રગતિ ચકાસો**

**2.8 ચાવીરૂપ શબ્દો**

**2.9 સંદર્ભ સૂચિ**


## 2.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- વિવિધ બૌદ્ધિક સંપત્તિની સમયરેખા વિશે માહિતી મેળવી શકશો.
- બૌદ્ધિક સંપત્તિના પ્રકારો વિશે સમજૂતી મેળવી શકશો.
- બૌદ્ધિક સંપત્તિના ઉદાહરણ વિશે વર્ણન કરી શકશો.
- બૌદ્ધિક સંપત્તિ અમારો અધિકાર તેની માહિતી મેળવી શકશો.

## 2.1 પ્રસ્તાવના

મનુષ્યને સર્વશક્તિમાન દ્વારા આપવામાં આવેલી બૌદ્ધિક ક્ષમતા દ્વારા પ્રાણીઓથી અલગ પાડવામાં આવે છે. આ રીતે મનુષ્યોએ માત્ર તેમની બૌદ્ધિક ક્ષમતાઓના વ્યાયામને કારણે પોતાને વર્તમાન 'સંસ્કારી રાજ્ય'માં ઉન્નત કર્યા છે.

બૌદ્ધિક સંપત્તિ, જે બૌદ્ધિક ક્ષમતા અને શ્રમનું ઉત્પાદન છે, તેથી, મિલકતનો બીજો વર્ગ છે અને તે મુખ્યત્વે માનવ બુદ્ધિની પ્રવૃત્તિઓમાંથી ઉત્પન્ન થાય છે. બૌદ્ધિક સંપત્તિ સાથે સંબંધિત છે.

માહિતી કે જે મૂર્ત પદાર્થોમાં સમાવી શકાય છે અને વિવિધ સ્થળોએ પુનઃઉત્પાદિત કરી શકાય છે.

ઉદાહરણ તરીકે, પેટન્ટ, ડિઝાઇન, ટ્રેડ માર્ક્સ અને કૉપિરાઇટ. આવી મિલકત (બૌદ્ધિક સંપત્તિ) ના માલિક પર ઉપાર્જિત અધિકારોને બૌદ્ધિક સંપત્તિ અધિકાર (IPR) તરીકે ઓળખવામાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબ, બૌદ્ધિક સંપદા (IP) માનવ મનની રચનાઓ, જેમ કે શોધ, સાહિત્યિક અને કલાત્મક કાર્યો અને વાણિજ્યમાં વપરાતા પ્રતીકો, નામો, છબીઓ અને ડિઝાઈનનો સંદર્ભ આપે છે. તેને બે શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે જેમ કે, ઔદ્યોગિક મિલકત, જેમાં શોધ (પેટન્ટ), ટ્રેડમાર્ક, ઔદ્યોગિક ડિઝાઈન અને સ્રોતના ભૌગોલિક સંકેતોનો સમાવેશ થાય છે; અને કોપીરાઈટ, જેમાં સાહિત્યિક અને કલાત્મક કાર્યો જેમ કે નવલકથાઓ, કવિતાઓ અને નાટકો, ફિલ્મો, સંગીતની કૃતિઓ, કલાત્મક કાર્યો, જેમ કે, રેખાંકનો, ચિત્રો, ફોટોગ્રાફ્સ અને શિલ્પો અને આર્કિટેક્ચરલ ડિઝાઈનનો સમાવેશ થાય છે. કૉપિરાઇટ સંબંધિત અધિકારોમાં તેમના પર્ફોર્મન્સમાં કલાકારો, તેમના રેકોર્ડિંગમાં ફોનોગ્રામના નિર્માતાઓ અને તેમના રેડિયો અને ટેલિવિઝન કાર્યક્રમોમાં બ્રોડકાસ્ટર્સનો સમાવેશ થાય છે. બૌદ્ધિક સંપદા અધિકારો નિર્માતાઓને તેમની રચનાઓ પર મિલકત અધિકારો આપીને તેમના હિતોનું રક્ષણ કરે છે.

બૌદ્ધિક સંપત્તિ અને ગુણધર્મોના અન્ય સ્વરૂપો વચ્ચેનો સૌથી નોંધપાત્ર તફાવત એ છે કે બૌદ્ધિક સંપત્તિ અમૂર્ત છે, એટલે કે, તે તેના પોતાના ભૌતિક પરિમાણો દ્વારા વ્યાખ્યાયિત અથવા ઓળખી શકાતી નથી. તેને સુરક્ષિત કરવા માટે કેટલીક સ્પષ્ટ રીતે વ્યક્ત કરવી આવશ્યક છે.

સામાન્ય રીતે, તે ચાર અલગ અને અલગ પ્રકારની અમૂર્ત મિલકતોનો સમાવેશ કરે છે, જેમ કે, પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને ટ્રેડ સિક્રેટ, જેને સામૂહિક રીતે "બૌદ્ધિક સંપત્તિ" તરીકે ઓળખવામાં આવે છે. જો કે, બૌદ્ધિક સંપદાનો અવકાશ અને વ્યાખ્યા બૌદ્ધિક સંપદાના જુગાર હેઠળ નવા સ્વરૂપોના સમાવેશ સાથે સતત વિકસિત થઈ રહી છે. તાજેતરના સમયમાં, ભૌગોલિક સંકેતો, છોડની જાતોનું રક્ષણ, અર્ધ-વાહક અને સંકલિત સર્કિટ માટેનું રક્ષણ અને અપ્રગટ માહિતીને બૌદ્ધિક સંપદાની છત્ર હેઠળ લાવવામાં આવી છે.

બૌદ્ધિક સંપદા અધિકારો અન્ય મિલકત અધિકારોની જેમ છે. તેઓ પેટન્ટ, ટ્રેડમાર્ક અથવા કૉપિરાઇટ કરેલા કાર્યોના સર્જકો (અથવા માલિકો)ને તેમના પોતાના સંબંધિત કાર્ય અથવા સર્જનમાં રોકાણથી લાભ મેળવવાની મંજૂરી આપે છે. આ અધિકારો માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા ની કલમ ૨૭ માં દર્શાવેલ છે, જે વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક નિર્માણના લેખકત્વના પરિણામે નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણથી લાભ મેળવવાનો અધિકાર પ્રદાન કરે છે. બૌદ્ધિક સંપદાના મહત્વને સૌપ્રથમ પેરિસ કન્વેન્શન ફોર ધ પ્રોટેક્શન ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી (૧૮૮૩) અને બર્ન કન્વેન્શન ફોર ધ પ્રોટેક્શન ઓફ લિટરરી એન્ડ કલાત્મક વર્ક્સ (૧૮૮૬)માં ઓળખવામાં આવ્યું હતું. બંને સંધિઓનું સંચાલન વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) દ્વારા કરવામાં આવે છે.

ટૂંકમાં, વિચારોમાં મિલકત અધિકારો મકાનો, કાર અને ખાનગી મિલકતના અન્ય સ્વરૂપોની માલિકી કરતાં અલગ નથી. તે જે રેટરિક બનાવે છે તે પહેલા તો વિશ્વાસપાત્ર લાગે છે એટલે કે તમારે વિશિષ્ટ માલિક બનવું જોઈએ.

તેને વિકસાવવા માટે પ્રોત્સાહક હોવાનો તમારો વિચાર છે, તે જ રીતે તમારે તમારી જમીનના વિશિષ્ટ માલિક હોવા જોઈએ અને તેને વિકસાવવા માટે પ્રોત્સાહન મળવું જોઈએ.

## 2.2 વિવિધ બૌદ્ધિક સંપત્તિની સમયરેખા :

ઈજારાનો કાયદો (1624) એનનો બ્રિટીશ કાયદો (1710) ને પેટેન્ટ કાયદો અને કોપીરાઈટની ઉત્પત્તી તરીકે જોવામાં આવે છે અને નિશ્ચિતપણે બૌદ્ધિક સંપત્તિની કલ્પનાની

સ્થાપના કરી છે એમ કહી શકાય. 1760 અને 1770 ના દાયકામાં બ્રિટીશ કાયદાકીય ચર્ચાઓમાં, "સાહિત્યિક સંપત્તિ"નો ઉપયોગ મુખ્યત્વે કરવામાં આવ્યો હતો. જેના આધારે લેખકો અને કૃતિઓના પ્રકાશકોએ પણ મિલકતના સામાન્ય કાયદાના અધિકાર મેળવ્યા હતા. જે (મિલર V/S ટેલર-1769), (હિંટન V/S ડોનાલ્ડસન (1773) અને (ડોનાલ્ડસન V/S બકેટ-1774)પર આધારીત હતા.

1769માં માસિક સમીક્ષામાં પ્રકાશિત કરાયેલા એક ભાગમાં "બૌદ્ધિક સંપત્તિ"ના શબ્દનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ આધુનિક યુગમાં 1808માં તે શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નોર્થ જર્મન કન્ફેડરેશની સ્થાપના સમયે આ શબ્દનો ઉપયોગની સાથે જેના બંધારણ દ્વારા તે સંઘને બૌદ્ધિક સંપત્તિના સંરક્ષણ પર કાયદાકીય સત્તા આપવામાં આવી હતી.

જ્યારે પેરીશ કન્વેન્શન (1883) અને બર્ન કન્વેન્શન (1886) દ્વારા સ્થાપિત વહીવટી સચિવાલય 1893 માં મર્જ-ભેગાથયા ત્યારે તેમના નવા સંયુક્ત શિર્ષકમાં બૌદ્ધિક સંપત્તિ શબ્દ અપનાવતા તે યુનાઈટેડ ઈન્ટરનેશનલ બ્યુરોક્સ ફોર ધી પ્રોટેક્શન ઓફ ઈન્ટેલેક્ચ્યુલ પ્રોપર્ટી -(United international Bureauz for the Protection of Intellectual Property) એવો થાય છે.

આમ, ત્યારબાદ આ સંસ્થા 1960 માં જીનીવા સ્થળાંતરીતથઈ અને 1967 માં સંયુક્ત રાષ્ટ્રની એજન્સી તરીકે સંધી દ્વારા "વર્લ્ડ બૌદ્ધિક સંપત્તિ સંગઠન (WIPO)ની સ્થાપના સાથે સફળ થઈ."

## 2.3 બૌદ્ધિક સંપત્તિના પ્રકારો :

❖ **બૌદ્ધિક સંપત્તિના મુખ્યત્વે છ પ્રકાર છે. જેની સમજુતી નીચે મુજબ છે.**

**(1) કોપીરાઈટ :**

કોપીરાઈટ એ એક કાનૂની શબ્દ છે જેનો ઉપયોગ સેકડોએ તેમના સાહિત્યિક, કલાત્મક કાર્યો ઉપરના અધિકારોના વર્ણન માટે કરે છે. પુસ્તકો, સંગીત, ચિત્ર, શિલ્પ, ફિલ્મ, કોમ્પ્યુટર, પ્રોગ્રામ, ડેટાબેગ, જાહેરાતો, નકશા અને તકનીકી ચિત્રો સુધી બધુજ કોપીરાઈટમાં આવરી લેવામાં આવે છે.

**(2) પેટન્ટ :**

પેટન્ટ એ શોધમાં તો એક અનન્ય અધિકાર છે. પેટન્ટ પ્રોસેસ પણ હોઈ શકે. પેટન્ટ માલિકને તેના ઉપયોગ, વેચાણ, આયાત કરવાના અધિકારો આપે છે. તેથી લોકોને આવું કરવામાંથી બાકાત રાખવાનો અધિકાર છે.

પેટન્ટેબલ વસ્તુઓમાં નવી તકનીક આપવા વ્યવસાયિક પદ્ધતિઓ જેવા પદાર્થો અથવા પ્રક્રિયાઓ સામેલ હોઈ શકે છે. જે 20 વર્ષ માટે અપાય છે.

**(3) ટ્રેડમાર્ક :**

કોઈપણ શબ્દ, નામ, પ્રતિક અથવા કોઈ ઉપરકરણ, કોઈ સંયોજન, ઉપયોગમાં લેવાતા અથવા ઉપયોગમાં લેવાના માલની ઓળખ માટે વાપરવામાં આવે છે. ટ્રેડમાર્કથી ઉત્પાદક અને વેચનારની માલની ઓળખ ઊભી થાય છે.

**(4) ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન :**

ઔદ્યોગિક ડિઝાઈન એ લેખના સુશોભન અથવા સૌંદર્યની પાસાની રચના

કરે છે. ડિઝાઈનમાં ડ્રિ-પરિમાણીય સુવિધાઓ સામેલ હોઈ શકે છે. જેમકે તેનો આકાર, સપાટી, પેટર્ન રેખાઓ અથવા તો રંગ જેવી દ્વી-પરિમાણીય સુવિધાઓ હોઈ શકે છે.

**(5) જીયોગ્રાફીકલ ઈન્ડિકેશન (Indication) :**

ભૌગોલિક સંકેતો અને ઉત્પત્તિના ઉપદેશો એવા માલ પર વપરાયેલા ચિન્હો છે. જેનો ચોક્કસ ભૌગોલિક મુખ્ય આધાર હોય તેમજ તે એવા ભૌગોલિક ગુણ ધરાવતો માલ હોય તેમજ પ્રતિષ્ઠા અથવા તેની લાક્ષણીકતાઓ જે તે સ્થાન સાથે વણાયેલી હોય. ભૌગોલિક સંકેત કે જે તે માલના મૂળ સ્થાનના નામ સાથે પડેલી જ હોય.

**(6) ટ્રેડ સિક્રેટ્સ :**

વેપાર રહસ્યોએ ગોપનીય માહિતી પરના બૌદ્ધિક સંપત્તિના અધિકારો છે. જેને વેચી તેમજ પરવાનો પણ આપી શકાય છે. વેપારમાં થતો ગુપ્ત માહિતીનું અનધિકૃત સંપાદન, ઉપયોગ કે જાહેરાતને આ પ્રકારના હક્કો સંરક્ષણ આપે છે. પ્રામાણિક વ્યવસાયિક વ્યવહારની વિરુદ્ધ કરવામાં આવતી. પ્રથા એ વેપાર ગુપ્ત રહસ્યોના સંરક્ષણનું ઉલ્લંઘન માનવામાં આવે છે.

## 2.4 બૌદ્ધિક સંપત્તિના ઉદાહરણો :

બૌદ્ધિક સંપત્તિ એ વ્યક્તિની સર્જનાત્મકતા ની નિશાની છે. તેમજ મુખ્ય ચાર પ્રકારની બૌદ્ધિક સંપત્તિ દ્વારા તેનો સર્જનાત્મકતાનું રક્ષણ કરવામાં આવે છે. 1) કોપીરાઈટ, ૨) ટ્રેડ માર્ક ૩) પેટેન્ટ આવે છે, ૪) ટ્રેડ સિક્રેટ

તેમજ જીયોગ્રાફીકલ ઈન્ડીકેશન્સ અને ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈન દ્વારા પણ રક્ષણ તો મળે જ છે.

**(1) કોપીરાઈટ :**

કોપીરાઈટ એ કાનૂની અધિકાર આપે છે. લેખકને તેની કૃતિની નકલ ન થાય તે માટે. ઉ.દા. તરીકે, સોફ્ટવેર, આર્કિટ્રિક્ચરલ ડિઝાઈન, ગ્રાફીક્સ આર્ટ્સ, વીડિયો અને સાઉન્ડ રેકોર્ડિંગ, બુક્સ અને ડેટાબેઝ.

**(2) ટ્રેડમાર્ક :**

ટ્રેડમાર્ક એ માલની તેમજ ઉત્પાદકની કે વેચનારની કંપનીની ઓળખ ઊભી કરે છે. ઉ.દા. તરીકે, શબ્દ દ્વારા, સિમ્બોલ દ્વારા, નામ દ્વારા, કલર દ્વારા, અભવાતો અવાજ દ્વારા કે જેથી ખબર પડે કે આ માલ કે સેવા ખરેખર ક્યાંથી છે.

**(3) પેટન્ટ :**

પેટન્ટ એ એક શોધ સંશોધન છે. અને પેટન્ટના કાયદા દ્વારા એ શોધને રક્ષણ પ્રાપ્ત થાય છે.

**(a) ઉપયોગિતા પેટન્ટ Utility Patents :** કોઈ દશ્ય શોધ, જેમકે મશીન, ડિઝાઈન, કે કોઈ પ્રક્રિયા.

**(b) Design Patents :** આભૂષણોની ડિઝાઈન માટે, કે ઉત્પાદીત માલ માટેની.

**(c) Plant Patents :** છોડવાઓની નવી નવી પદ્ધતિઓ માટે.

**(4) ટ્રેડ સિક્રેટ્સ (Trade Secrets) :**

વેપારી રહસ્યો જે જાણી જવાની હરીફોતે ફાયદો થતો હોય છે. જેથી કાયદો તેની સામે અધિકાર આપે છે. ઉ.દા. તરીકે જોઈએ તો કોઈ ફોર્મ્યુલા, પેટર્ન, ટેકનીક, કે પ્રક્રિયા કે જે જાણવાથી સામેવાળાને ફાયદો અને માલિકને નુકશાન થઈ શકે છે.

## 2.5 બૌદ્ધિક સંપત્તિ અમારો અધિકાર :

બૌદ્ધિક સંપત્તિ અધિકાર તરીકે.

માનવજાત પોતાની બુદ્ધિના ઉપયોગથીજ વિકાસ પામી છે. જ્યારે જ્યારે કોઈ સંઘર્ષનો સામનો કરવાનો થયો છે ત્યારે માનવે બુદ્ધિને કસીને મંથન કરીને કંઈક નવુ સંશોધન-સર્જન કર્યું છે જે તેઓને ઉપયોગી નિવડ્યું છે.

અધિકારો હોય પરંતુ તેના રક્ષણનો વ્યવસ્થા ન હોય તો એ અધિકારો વ્યર્થ બની રહેતા હોય છે. એટલે જ જ્યારે બૌદ્ધિક સંપત્તિ કે જેને અમૂલ્ય સંપત્તિ પણ કહે છે. તે એક અધિકાર માનવામાં આવે છે. અને જે વિવિધ કાયદાઓ દ્વારા રક્ષીત પણ છે.

વ્યક્તિની પોતાની સર્જનાત્મકતાનો હક્ક સંપૂર્ણ તેનો જ હોય છે. તેમાં કોઈપણ બીજો વ્યક્તિ દખલગીરી કરી શકે નહીં. તેવાજ સંદર્ભની જ્યારે કોઈ લેખક પોતાની સર્જન શક્તિથી કોઈ કૃતિનું સર્જન કરે છે ત્યારે તેને તે કૃતિનો દુરુપયોગ કે નકલનો ભય અપાવતો હોય છે. પરંતુ હાલ કોપીરાઈટના કાયદા દ્વારા તેને ભયમુક્ત કરવામાં આવે છે.

મુખ્યત્વે આ અધિકાર માનવઅધિકારની સાર્વત્રિક ઘોષણનાની કલમ-27માં દર્શાવેલ છે. જે વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક નિર્માણના નૈતિક અને નૈતિક હિતોના રક્ષણથી લાભ મેળવવાના અધિકારની જોગવાઈ કરે છે.

## 2.6 સારાંશ

'સંપત્તિ' શબ્દનો ખૂબ વ્યાપક અર્થ છે, તેમાં માત્ર પૈસા અને અમુક મૂલ્યની અન્ય મૂર્ત વસ્તુઓનો સમાવેશ થતો નથી, પરંતુ તેમાં એવા અમૂર્ત અધિકારોનો પણ સમાવેશ થાય છે જેને આવક અથવા સંપત્તિના સ્રોત અથવા તત્વ તરીકે ગણવામાં આવે છે. તેમાં એવા અધિકારો અને હિતોનો સમાવેશ થાય છે કે જે જમીન પર માનવી ધરાવે છે અને જે અન્ય તમામને બાકાત રાખવામાં આવે છે. અમુક વસ્તુઓનો આનંદ માણવાનો અને તેનો નિકાલ કરવાનો અધિકાર છે, જો કે કાયદા દ્વારા આવો ઉપયોગ પ્રતિબંધિત ન હોય તો.

જો કે, એવી કેટલીક બાબતો છે કે જેના પર કોઈપણ એક વ્યક્તિ (અથવા એક એન્ટિટી) દ્વારા મિલકત અધિકારોનો ઉપયોગ કરી શકાતો નથી. આમાં સમુદ્ર, હવા અને તેના જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે કારણ કે તે વિનિયોગ કરી શકાતા નથી. દરેક વ્યક્તિને તેનો આનંદ માણવાનો અધિકાર છે, પરંતુ તેના પર કોઈનો વિશેષ અધિકાર નથી.

આ રીતે, તે સ્પષ્ટ છે કે વ્યક્તિગત મિલકતના કિસ્સામાં તેના માલિક સિવાય અન્ય કોઈ વ્યક્તિ, જેનો તેના પર વિશિષ્ટ અધિકાર છે, તેનો ઉપયોગ કરવાનો અથવા માલિકને તેનો નિકાલ કરવામાં અવરોધ કરવા માટેના કોઈપણ અધિકારનો દાવો કરી શકશે નહીં, જેથી

મિલકત જે વસ્તુઓ પરના વિશિષ્ટ અધિકાર તરીકે ગણવામાં આવે છે, જેમાં માત્ર ઉપયોગ કરવાનો અધિકાર નથી, પરંતુ આવી મિલકતના નિકાલનો અધિકાર પણ છે.

સંપત્તિને વાસ્તવિક સંપત્તિ અને વ્યક્તિગત સંપત્તિમાં વર્ગીકૃત કરી શકાય છે. જ્યારે તેમાં માલ અને અસમાનતા હોય ત્યારે તેને સંપૂર્ણ સંપત્તિ અને લાયક સંપત્તિમાં પણ વહેંચી શકાય છે. સંપૂર્ણ સંપત્તિ તે છે જે કોઈપણ લાયકાત અથવા પ્રતિબંધ વિના માલિકીની છે. બીજી તરફ એક લાયક સંપત્તિમાં એવા અધિકારોનો સમાવેશ થાય છે જે માણસ પાસે જંગલી પ્રાણીઓ છે જે તેઓએ તેમના પોતાના કબજામાં હોય છે, અને જે તેમની શક્તિને આધિન રાખવામાં આવે છે. સંપત્તિને વધુ શારીરિક અને સમાવિષ્ટ સંપત્તિમાં વહેંચી શકાય છે.

શારીરિક સંપત્તિ એવી મિલકતનો સંકેત આપે છે જે ઇન્દ્રિયો, જેમ કે, જમીન, ઘર, માલ, વેપારી અને તેના જેવા, જ્યારે વિશિષ્ટ સંપત્તિમાં કાનૂની અધિકારનો સમાવેશ થાય છે.

પ્રોપર્ટીની માનક વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને, ભારતમાં જુદા જુદા કાયદાઓમાં 'સંપત્તિ' શબ્દની વિવિધ વ્યાખ્યાઓ છે. દાખલા તરીકે, બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રતિબંધ) અધિનિયમની કલમ ૨ (સી),૧૯૮૮ મિલકતને વ્યાખ્યાયિત કરે છે, "મિલકતનો અર્થ કોઈપણ પ્રકારની મિલકત છે, પછી ભલે તે જંગમ હોય અથવા સ્થાવર હોય, મૂર્ત અથવા અમૂર્ત હોય, અને તેમાં આવી મિલકતમાં કોઈ અધિકાર અથવા રુચિ શામેલ હોય." માલ વેચાણના કાયદાની કલમ ૨ (૧૧), ૧૯૩૦ એ 'સંપત્તિ' ને વ્યાખ્યાયિત કરે છે, "સંપત્તિનો અર્થ માલની સામાન્ય સંપત્તિ છે, ખાલી ફક્ત એક વિશેષ મિલકત જ નહીં."

## 2.7 તમારી પ્રગતિ ચકાસો :

**Q-1 બૌદ્ધિક સંપત્તિની સમયરેખા વિશે ચર્ચા કરો :**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

**Q-2 બૌદ્ધિક સંપત્તિના પ્રકારો જણાવી ચર્ચા કરો.**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

**ટૂંકનોંધ લખો**

(1) બૌદ્ધિક સંપત્તિ અધિકાર તરીકે

..................................................................................................

..................................................................................................

..................................................................................................

.....................................................................................................

.....................................................................................................

(2) બૌદ્ધિક સંપત્તિને ઉદાહરણ આપી સમજાવો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

**(1) બ્રિટીશ કાયદાકીય ચર્ચામાં_________શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.**

(a) મૂળ સંપત્તિ (b) સાહિત્યિક સંપત્તિ

(c) દાર્શનિક સંપત્તિ (d) ઉપરનામાંથી કોઈ નહિ.

**[ઉત્તર : (b)]**

**(2) આધુનિક યુગમાં બૌદ્ધિક સંપત્તિ શબ્દ પ્રયોગ કઈ સાલમાં કરાયો હતો ?**

(a) 1808 (b) 1630

(c) 1810 (d) 1608

**[ઉત્તર : (a)]**

**(3) પેરીસ કન્વેશન કઈ સાલમાં થયું ?**

(a) 1808 (b) 1810

(c) 1883 (d) 1885

**[ઉત્તર : (c)]**

**(4) પુસ્તકો, ચિત્ર, ફિલ્મ, શિલ્પ પર આપવામાં આવતા અધિકારને શું કહે છે ?**

(a) પેટન્ટ (b) કોપીરાઈટ

(c) ટ્રેડમાર્ક (d) ડિઝાઈન

**[ઉત્તર : (b)]**

**(5) કોઈ શબ્દ, ચિન્હ, નામ, પ્રતિક ઉપર આપવામાં આવતા અધિકારને શું કહે છે ?**

(a) ટ્રેડમાર્ક (b) કોપીરાઈટ

(c) પેટન્ટ (d) ટ્રેડ સિક્રેટ

**[ઉત્તર : (a)]**

**(6) કોઈ પ્રક્રિયા કે ડિઝાઈન પ્રક્રિયા, ઉત્પાદન પ્રક્રિયા પર આપવામાં આવતા અધિકારને શું કહે છે ?**

(a) કોપીરાઈટ (b) ટ્રેડમાર્ક

(c) પેટન્ટ (d) ટ્રેડ સિક્રેટ

**[ઉત્તર : (c)]**

## 2.8 ચાવીરૂપ શબ્દો

- WIPO (વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન): એક વૈશ્વિક સંસ્થા જે સમગ્ર વિશ્વમાં બૌદ્ધિક સંપદાના રક્ષણને સંકલન કરે છે અને પ્રોત્સાહન આપે છે.
- નવીનતા: નવા ઉત્પાદનો, પ્રક્રિયાઓ અથવા વિચારોની રચના, જે ઘણીવાર બૌદ્ધિક સંપદા કાયદા દ્વારા સુરક્ષિત છે.

## 2.9 સંદર્ભ સૂચિ

1. WIPO : The Value of Intellectual Property, Intangible Ass[a]s and Goodwill
2. All India Reporter : All India Reporter Ltd., Congress Nagar, Nagpur
3. e-Bull[a]in : The ICSI, New Delhi-110 003.
4. Journal of Intellectual Property Rights
5. https://ipindia.gov.in

**************************

એકમ 3

# ભારતમાં બૌદ્ધિક સંપત્તિનો શાસનકાળ

-: રૂપરેખા :-


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 પેટન્ટ એક્ટ - 1970**

**3.3 ડિઝાઈનની એક્ટ - 2000 (Design Act-2000)**

**3.4 કોપીરાઈટનો કાયદો - 1957 The Copyright Act-1957**

**3.5 ટ્રેડમાર્ક એક્ટ - 1999 - The Trademarks Act - 1999**

**3.6 સેમિકન્ડક્ટર ઈન્ટિગ્રેટેડ સર્કિટ લેઆઉટ ડિઝાઈન- (SICLD) એક્ટ-2000**

**3.7 છોડની વિવિધતાઓ અને ખેડૂતોના અધિકારોનું સંરક્ષણ (PPV & FR) અધિનિયમ, 2001**

**3.8 માલસામાનના ભૌગોલિક સંકેતો (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999**

**3.9 પરંપરાગત જ્ઞાન અને વેપાર રહસ્યો**

**3.10 સારાંશ**

**3.11 તમારી પ્રગતિ ચકાસો**

**3.12 ચાવીરૂપ શબ્દો**

**3.13 સંદર્ભ સૂચિ**


## 3.0 ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- પેટન્ટ એક્ટ-1970 વિશે માહિતી મેળવી શકશો.
- ડિઝાઈનની એક્ટ-2000 નું વર્ણન કરી શકશો.
- કોપીરાઈટનો કાયદો-1957 ની સમજૂતી આપી શકાય.
- ટ્રેડમાર્ક-1999 ની માહિતી જાણશો.
- SICLD એક્ટ-2000 વિશે સમજી શકશો.
- PPV & FR અધિનિયમ, 2001 વિશે વર્ણન કરી શકશો.
- માલસામાનના ભૌગોલિક સંકેતો (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ-1999 ની માહિતી મેળવી શકશો.

## 3.1 પ્રસ્તાવના

બૌદ્ધિક સંપદા (IP) અધિકારો એ કાનૂની અને સંસ્થાકીય ઉપકરણો છે જે મનની રચનાઓ

જેમ કે શોધ, કલા અને સાહિત્યના કાર્યો અને ડિઝાઇનને સુરક્ષિત કરે છે. તેઓ સ્પર્ધકો દ્વારા વેચવામાં આવેલા સમાન ઉત્પાદનો કરતાં તેમના તફાવતને દર્શાવવા માટે ઉત્પાદનો પરના ગુણનો પણ સમાવેશ કરે છે.

વર્ષોથી, માત્ર પેટન્ટ, કોપીરાઈટ્સ, ટ્રેડમાર્ક્સ અને ઔદ્યોગિક ડિઝાઇન જ નહીં પરંતુ વેપારના રહસ્યો, છોડના સંવર્ધકોના અધિકારો, ભૌગોલિક સંકેતો અને સંકલિત સર્કિટની ડિઝાઇન તૈયાર કરવાના અધિકારોનો સમાવેશ કરવા માટે બદલે સ્થિતિસ્થાપક IP ખ્યાલને વિસ્તારવામાં આવ્યો છે.

સમર્થકો માટે, IP અધિકારો પ્રમોટ કરીને સમાજના સંવર્ધનમાં ફાળો આપે છેઃ (1) નવીન અને ઉપયોગી ચીજવસ્તુઓ, સેવાઓ અને તકનીકી માહિતીની બહોળી શક્ય ઉપલબ્ધતા જે નવીન પ્રવૃત્તિમાંથી મેળવે છે, અને (2) આર્થિક પ્રવૃત્તિના ઉચ્ચતમ સ્તર પર આધારિત આવા માલ, સેવાઓ અને માહિતીના ઉત્પાદન, પરિભ્રમણ અને વધુ વિકાસ પર.

આ ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે માનવામાં આવે છે કારણ કે માલિકો તેમના કાનૂની અધિકારોને વ્યાપારી લાભ તરફ ફેરવીને શોષણ કરવાનો પ્રયાસ કરી શકે છે. એવું માનવામાં આવે છે કે આવા લાભ મેળવવાની શક્યતા નવીનતાને પ્રોત્સાહન આપે છે. પરંતુ (સામાન્ય રીતે) ચોક્કસ સમયગાળા પછી, આ કાનૂની અધિકારો સમાપ્ત થઈ જાય છે અને હવે-અસુરક્ષિત શોધ અને કાર્યોનો અન્ય લોકો દ્વારા મુક્તપણે ઉપયોગ કરી શકાય છે.

આજના કહેવાતા 'જ્ઞાન-આધારિત સમાજ'માં આઈપી રાઈટ્સ ક્યારેય આર્થિક અને રાજકીય રીતે મહત્ત્વના નહોતા.' આટલા વિવાદાસ્પદ પણ નહોતા.

માનવ અધિકાર, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, વેપાર, ઔદ્યોગિક નીતિ, જાહેર આરોગ્ય, બાયોટેકનોલોજી, જૈવવિવિધતા, પર્યાવરણીય સંરક્ષણ, માહિતી ટેકનોલોજી, મનોરંજન અને મીડિયા ઉદ્યોગો અને વિસ્તરણ જેવા વિવિધ વિષયો પર ચર્ચાઓ અને ચર્ચાઓમાં IP અધિકારોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. વિકસિત દેશો અને વિકાસશીલ દેશોની આવકના સ્તર વચ્ચેનું અંતર.

આટલું મહત્વ અને વિવાદ એ હકીકત પરથી ઉદ્ભવે છે કે આજના આંતરરાષ્ટ્રીય IP નિયમો માટે વિકસિત અને વિકાસશીલ બંને દેશોને રક્ષણના મજબૂત અને સમાન ધોરણો પ્રદાન કરવા જરૂરી છે. બૌદ્ધિક સંપદા અધિકારોના વેપાર-સંબંધિત પાસાઓ (TRIPS) પરનો ૧૯૯૪નો કરાર, ટેરિફ્સ એન્ડ ટ્રેડ (GATT) પરના સામાન્ય કરારના ઉરુગ્વે રાઉન્ડના મુખ્ય પરિણામોમાંનું એક, જે જીનીવા સ્થિત વિશ્વ વેપાર સંગઠન (WTO) દ્વારા સંચાલિત છે. તેનું વિશેષ મહત્વ છે કારણ કે તે એક જ કરારમાં વર્ચ્યુઅલ રીતે તમામ સૌથી મહત્વપૂર્ણ IP અધિકારો માટે રક્ષણ અને અમલીકરણના વૈશ્વિક લઘુત્તમ (અને સામાન્ય રીતે ઉચ્ચ) ધોરણો સ્થાપિત કરે છે.

જો કે, TRIPS કરતાં આજના વૈશ્વિક IP શાસનમાં ઘણું બધું છે. વૈશ્વિક IP નિયમનકારી પ્રણાલીના આર્કિટેક્ચરમાં બહુપક્ષીય કરારો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, પ્રાદેશિક સંમેલનો અને સાધનો અને દ્વિપક્ષીય વ્યવસ્થાઓની વધતી જતી વિવિધતાનો સમાવેશ થાય છે. સરવાળે, આઈપીનો આંતરરાષ્ટ્રીય કાયદો તેના વર્તમાન સ્વરૂપમાં ત્રણ પ્રકારના કરારનો સમાવેશ કરે છે. આ બહુપક્ષીય સંધિઓ, પ્રાદેશિક અને સુપ્રાનેશનલ સંધિઓ અથવા સાધનો અને દ્વિપક્ષીય કરારો છે. તેમાંથી, સૌથી વધુ દેશોને અસર કરતા કરાર TRIPS છે. વિશ્વ બૌદ્ધિક સંપદા સંસ્થા (WIPO) દ્વારા સંચાલિત બહુપક્ષીય સંધિઓ પણ મહત્વપૂર્ણ છે, જે સંયુક્ત રાષ્ટ્રની

વિશિષ્ટ એજન્સી છે જે જીનીવામાં પણ સ્થિત છે. બાદના અગ્રણી ઉદાહરણોમાં ઔદ્યોગિક સંપત્તિના રક્ષણ માટે 1883 પેરિસ સંમેલન અને સાહિત્યિક અને કલાત્મક કાર્યોના રક્ષણ માટે 1886 બર્ન સંમેલનનો સમાવેશ થાય છે. મોટાભાગના બહુપક્ષીય IP અધિકાર કરારો WIPO દ્વારા સંચાલિત કરવામાં આવે છે, પરંતુ કેટલીક મહત્વપૂર્ણ બિન-WIPO સંધિઓ છે જેમ કે 1961 ઇન્ટરનેશનલ કન્વેન્શન ફોર ધ પ્રોટેક્શન ઓફ ન્યુ વેરાઇટીઝ ઓફ પ્લાન્ટ્સ, જેનું સંચાલન યુનિયન ઇન્ટરનેશનલ દ્વારા કરવામાં આવે છે (જે જીનીવામાં WIPO સાથે મુખ્ય મથક વહેંચે છે) અને અલબત્ત, TRIPS. મહત્વપૂર્ણ પ્રાદેશિક કરારો અને સાધનોમાં 1973 યુરોપિયન પેટન્ટ કન્વેન્શન (2000 માં અપડેટ કરાયેલ) અને 1998 ના યુરોપિયન યુનિયન ડાયરેક્ટિવ ઓન ધ લીગલ પ્રોટેક્શન ઓફ બાયોટેકનોલોજીકલ ઈન્વેન્શન્સનો સમાવેશ થાય છે.

વનસ્પતિ સામગ્રી પરનો નવો અધિકાર, કેટલીક બાબતોમાં પરંપરાગત IP અધિકારોની સમાનતા, જૈવિક વિવિધતા પરના સંમેલન (CBD, Rio, 1993) દ્વારા પૂર્વદર્શિત કરવામાં આવ્યો હતો અને CBD (2015) માટે નાગોયા પ્રોટોકોલ દ્વારા વધુ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો.

## 3.2 પેટન્ટ એક્ટ - 1970

❖ **હેતુ :-**

પેટન્ટ એ વિશિષ્ટાધિકાર છે. પોતાની મૌલિક ઔદ્યોગિક શોધ જાહેર કરવાનાં બદલામાં સંશોધકને કાયદા અન્વયે તે શોધનો ઉપયોગ કરવા માટે અપાતો સંપૂર્ણ ઈજારો એટલે પેટન્ટ. ઔદ્યોગિક ઉપયોગમાં આવે એવી જ નવીન શોધની બાબતમાં પેટન્ટ આપવામાં આવે છે. પેટન્ટ આપવાનો ઉદ્દેશ નવી ઔદ્યોગિક પ્રક્રિયાને ઉત્તેજન આપવાનો અને ઔદ્યોગિક વિકાસ સાધવાનો છે. સંશોધકને સંશોધન માટે પેટન્ટ આપવાથી બીજી વ્યક્તિને પણ સંશોધન કરવાની પ્રેરણા મળે છે. વળી પેટન્ટના કારણે સંશોધક પોતાની શોધ ગુપ્ત રાખવાને બદલે જાહેર કરે છે, અને સંશોધકને તે શોધ પાછળ થયેલા ખર્ચનું વળતર મળી રહે છે. વળી પેટન્ટ મેળવનારને તે શોધનો ઉપયોગ એકલા જ કરવાનો અધિકાર મળતો હોવાથી એ તે નવા ઉદ્યોગમાં મૂડી રોકવા પ્રેરાય છે. જેથી અર્થતંત્રને લાભ થાય છે. દુનિયાનાં દરેક દેશોમાં પેટન્ટને લગતા કાયદા છે. ભારતમાં પણ પેટન્ટને લગતો કાયદો છે.

ભારતમાં પેટન્ટને લગતો કાયદો Act VI of 1856 હતો. જે ઈંગ્લેંડનાં પેટન્ટનાં કાયદા પર આધારિત હતો. ઈ.સ. 1859નાં કાયદાથી આ કાયદો રદ થયો. ઈ.સ. 1888માં આવેલા Indian Patent and Designs Act V of 1888 એ 1859 નાં કાયદાની જગ્યા લીધી જેને Indian Patent and Design Act - 1911 થી રદ કરવામાં આવ્યો. ઈ.સ. 1930માં આ કાયદામાં મહત્ત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા. આ 1911નો કાયદો છેક ઈ.સ. 1970 સુધી ચાલુ રહ્યો. આ 1911નાં કાયદામાં ફેરફાર કરવાની ચળવળ ભારત સ્વતંત્ર થયું ત્યારથી શરૂ થઈ ગઈ હતી. ઈ.સ. 1948માં Patent Enquiry Commitee રચવામાં આવી હતી. જેનો અહેવાલ ઈ.સ. 1950 માં આવી ગયો. જેના આધારે ઈ.સ. 1953માં Patent Bill ઘડવામાં આવ્યું હતું. લોકસભાનું વિસર્જન થતાં તેનું પણ વિસર્જન થઈ ગયું. ચાર વર્ષ પછી સરકારે ન્યાયમૂર્તિશ્રી રાજગોપાલ અયંગરને Patent Systemનો અભ્યાસ કરી તપાસ કરવા જણાવ્યું. જેનો અહેવાલ ઈ.સ. 1959માં આવ્યો. જેનાં આધારે છેક 21-09-1965નાં દિને Patent Bill of 1965ને લોકસભામાં રજૂ કરવામાં આવ્યું. આ બીલ સંસદની સંયુક્ત સમિતિને સોંપવામાં આવ્યું. આ સમિતિ દ્વારા સુધારાયેલા Patent Billનું પણ ફરીવાર લોકસભાનાં વિસર્જન સાથે વિસર્જન થઈ

ગયું. ફરીથી 1967 માં Patent Bill લોકસભામાં રજૂ થયું. જે સંયુક્ત સમિતિમાં ગયું. સંયુક્ત સંમિતીનો અહેવાલ ઈ.સ. 1970માં આવ્યો. આ સમય દરમિયાન જીવનરક્ષક દવાઓની સરકારની નિતીઓનાં કારણે કૃત્રિમ માંગ ઊભી થતાં, પેટન્ટની આવશ્યક્તા ઊભી થઈ. આથી સંસદે ખાસ બેઠક બોલાવી આ બિલ પસાર કરવામાં આવ્યું. આમ The Patent Act-1970 અમલી બન્યો.

❖ **પેટન્ટનો ખ્યાલ :-**

જે વ્યક્તિએ નવા અને મૌલિક પદાર્થની શોધ કરી હોય અથવા અસ્તિત્વ ધરાવતા પદાર્થ પર કોઈ સુધારો કરેલ હોય કે કોઈ પદાર્થ બનાવવા માટે નવી પ્રક્રિયા સોધી હોય તેને રાજ્ય તરફથી પેટન્ટ આપવામાં આવે છે. પેટન્ટ એ જે તે વસ્તુનો ઉપયોગ કરવાનો અબાધિત (exclusive) અધિકાર છે. પેટન્ટ એટલે શોધાયેલ રીત મુજબ કોઈ વસ્તુનું ઉત્પાદન કરવાનો અબાધિત અધિકાર. આવો અધિકાર નિશ્ચિત સમય માટે આપવામાં આવેલ છે. નિશ્ચિત સમયમર્યાદા પૂરી થતાં તે અબાધિત અધિકાર નષ્ટ પામે છે. પેટન્ટ મળી શકે તે માટે શોધ નવીન હોવી જોઈએ. પેટન્ટ બૌદ્ધિક સંપત્તિનું સ્વરૂપ છે. પેટન્ટનો માલિક પોતાની મિલકતનું વેચાણ કરી શકે છે. તે પરવાનો (Licence) પણ આપી શકે છે.

આમ નવીન શોધ માટે પેટન્ટ આપવામાં આવે છે. બુદ્ધિથી કરાયેલી આ શોધ મૂડી તેમજ મજુરીના ઉપયોગથી કોઈ નવી ઉપયોગી વસ્તુ બનાવવામાં કે તેનું ઉત્પાદન કરવામાં આવે છે. આમ પેટેન્ટ એ શોધક (Inventor) ને તેની શોધનો અબાધિત ઉપયોગ કરવાની પરવાનગી આપે છે. આ પરવાનગી સરકાર તરફથી નિશ્ચિત મુદત માટે આપવામાં આવે છે. કોઈ જંગમ મિલકતનો માલિક પોતાની મિલકત સાથે જે રીતે વ્યવહાર કરી શકે છે, તે જ રીતે પેટન્ટ માલિક (પેટન્ટી) પોતાની પેટન્ટ કરાયલ મિલકત સાથે પોતાની યોગ્ય લાગે તેવો વ્યવહાર કરી શકે છે.

કોઈ વિચાર માટે પેટન્ટ આપી શકાય નહીં, પરંતુ કોઈ પદાર્થ કે નવી ચીજની શોધ માટે પેટન્ટ આપવામાં વે છે. અથવા તો કોઈ વિચાર માટે કોઈ વસ્તુને લાગુ પાડવાની પ્રક્રિયા માટે પેટન્ટ આપવામાં આવે છે. પેટન્ટનાં કાયદાનો હેતું નવી ટૅક્નોલૉજી અને ઉદ્યોગને ઉત્તેજન આપવાનો છે.

શોધકને તેની શોધ બદલ વળતર મળે તો તે તેની શોધની વિગતો જાહેર કરવા પ્રેરાય છે. તેની શોધ બદલ પેટન્ટીને અપાતા અબાધિક અધિકારના અવેજના બદલામાં, પેટન્ટી તેની શોધની વિગતો જાહેર કરે છે. પેટન્ટનો સમય પૂરો થયા બાદ અન્ય વ્યક્તિઓ તેનો ઉપયોગ કરી શકે છે, અથવા તેમા સુધારો કરી શકે છે.

આ અંગે નીચેના ચાર મુદ્દાઓ છે :

1) તેનાથી શોધ અને સંશોધનને ઉતેજન મળે છે

2) શોધક પેટન્ટ મળવાથી પોતાની શોધના પરિણામો મૂકત રીતે જાહેર કરી શકે

3) શોધમાં થયેલ ખર્ચનું વળતર મળે છે

4) ઉત્પાદનમાં રોકાણ કરવાનું ઉત્તેજન મળે છે.

પેટન્ટના ભંગ બદલ ભંગ કરનાર સામે નુકસાન વળતર/મનાઈ હુકમની દાદ મળી શકે છે.

## 3.3 ડિઝાઈનની એક્ટ - 2000 (Design Act-2000)

❖ **હેતુ :-**

ઈ.સ. 1911નાં કાયદા હેઠળ ડિઝાઈનની નોંધણી કરવાની જોગવાઈ હતી. ટ્રેડમાર્ક,

કોપીરાઈટ અને પેટન્ટની જેમ જ ડિઝાઈનની નોંધણી અંગેની જોગવાઈઓ છે. પેટન્ટ, ટ્રેડમાર્ક અને કોપીરાઈટના નિયામક, ડિઝાઈન્સના પણ નિયામક છે. કેટલીક ડિઝાઈન્સની નોંધણી પર પ્રતિબંધ છે. નોંધણી ચોક્કસ વસ્તુ-પદાર્થ (Article)નાં સંબંધમાં રહેશે. નોંધાયેલ ડિઝાઈન્સની વિગતોના પ્રકાશનની જોગવાઈ છે.

આ અંગેનો કાયદો 2000નાં વર્ષમાં નવો જ પસાર કરાયો છે. આ અગાઉ ડિઝાઈન્સ એક્ટ-1911 અમલમાં હતો. આ કાયદો બ્રિટીશ સંસદે પસાર કરેલ હતો. ત્યારબાદ 1911ના કાયદામાં કેટલાક સુધારાઓ પણ કરાયા હતા. પરંતુ વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં આપણા દેશે નોંધપાત્ર પ્રગતિ છેલ્લા ગણા વર્ષોમાં કરી છે. તેથી ડિઝાઈનની તેમજ ડિઝાઈન પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી 1911ના કાયદાને અસરકાર બનાવવાની જરૂર હતી. ડિઝાઈનના ઉપયોગમાં બિનજરૂરી અવરોધ પેદા ન થાય અને રક્ષણને પાત્ર ડિઝાઈનને જરૂરી રક્ષણ મળી રહે તે હેતુથી 1911નો કાયદો રદ કરીને નવો ખરડો સંસદમાં મુકાયો. સંસદના બંને ગ્રહોએ જરૂરી બહુમતી સાથે આ ખરડો પસાર કરતા અને રાષ્ટ્રપ્રમુખની અનુમતિ પ્રાપ્ત થતા કાયદો બન્યો. જૂના કાયદામાં 80 કલમો હતી. અને નવા કાયદામાં 48 કલમો છે.

❖ **લક્ષણો :-**

**(1)** આ કાયદામાં કેટલીક વ્યાખ્યાઓમાં ફેરફાર કરાયો છે. જેમ કે, ''વસ્તુ, પદાર્થ, ડિઝાઈન, પૂર્વપ્રકાશન'' વગેરેની વ્યાખ્યા વિસ્તૃત કરાયેલ છે. તેમજ ''અસલ-મૌલિક''ની વ્યાખ્યા નવી જ ઉમેરવામાં આવેલ છે.

**(2)** બિન નોંધણીપાત્ર ડિઝાઈનની ઓળખ માટે આ કાયદામાં જોગવાઈ કરાયેલ છે.

**(3)** ભારતીય વર્ગીકરણના સ્થાને આંતરરાષ્ટ્રીય વર્ગીકરણ અપનાવવામાં આવેલ છે.

**(4)** નિયામકની સત્તાઓ અન્યને સોંપવાની જોગવાઈ કરાયેલ છે.

**(5)** રદ થયેલ ડિઝાઈનને પુનઃસ્થાપનની જોગવાઈ કરાયેલ છે.

**(6)** જુના કાયદામાં નિયામકના હુકમની સામે કેન્દ્ર સરકારને અપીલ કરવાની જોગવાઈ હતી. આ કાયદામાં હાઈકોર્ટને અપીલ કરવાની જોગવાઈ છે.

**(7)** જુના કાયદામાં ડિઝાઈન રદ કરવાની કાર્યવાહી હાઈકોર્ટમાં કરવાની જોગવાઈ હતી. આ કાયદામાં તે કાર્યવાહી નિયામક સમક્ષ કરવાની હોય છે.

**(8)** નોંધાયેલ ડિઝાઈનની ગુપ્તતાનો 2 વર્ષનો સમય હવે રદ કરાયો છે.

**(9)** નોંધાયેલ ડિઝાઈનના ભંગ માટેની સજામાં વધારો કરાયેલ છે.

**(10)** નોંધાયેલ ડિઝાઈનના કોઈ અધિકારનાં હસ્તાંતર માટેના દસ્તાવેજની નોંધણી આ કાયદાથી ફરજીયાત બનાવવામાં આવેલ છે.

**(11)** ડિઝાઈન ભંગ માટેની કાર્યવાહીમાં ડિઝાઈન રદ કરવાનાં કારણો બચાવ તરીકે રજૂ કરી શકાય છે.

**(12)** નોંધણીનો સમય 5 વર્ષથી વધીને 10 વર્ષ કરાયો છે. પછી 5 વર્ષ માટે તે લંબાવી શકાય છે.

❖ **ડિઝાઈન એટલે શું ?**

''ડિઝાઈન'' એટલે કોઈપણ ઔદ્યોગિક પ્રક્રિયામાંથી અથવા સાધનથી, હાથથી કે યાંત્રિક

રીતે કે રાસાયણિક રીતે અલગ કે સંયુક્ત રીતે, બે પરિણામ કે ત્રણ પરિણામમાં કે બંને રીતે લાગુ પાડવામાં આવેલ આક-તિનાં લક્ષણો, રેખાઓ કે રંગોની આકાર, ભાત સજાવટ અથવા સંરચના, કે જે તૈયાર પદાર્થ આંખને અપીલ કરે છે. અને માત્ર આંખ દ્વારા નિર્મિત થાય છે, પરંતુ તેમાંબાધકામની કોઈ જ રીત કે સિદ્ધાંતનો અથવા જે તત્વતઃ માત્ર યાંત્રિક પ્રયુક્તિ હોય તેનો સમાવેશ થતો નથી અને તેમાં ટ્રેડમાર્ક્સ એક્ટમાં અપાયેલ ટ્રેડમાર્ક અથવા ભારતીય ફોજદારી ધારામાં અપાયેલ મિલકત ચિહ્નો અથવા કોપીરાઈટ એક્ટમાં અપાયેલ સાહિત્ય કૃતિનો સમાવેશ થતો નથી.

## 3.4 કોપીરાઈટનો કાયદો - 1957 The Copyright Act-1957

❖ **હેતુઓ :-**

"Thou Shall not steal" - "તુ ચોરી કરીશ નહિ" ભગવાન ઈસુનાં દસ આદેશો પૈકીના આ આઠમાં આદેશનાં નૈતિક પાયા પર કોપીરાઈટના કાયદાની ઈમારત રચાયેલી છે. ભગવાન મહાવીરે નિરૂપેલ બાર મહાવ્રત પૈકી ત્રીજું અચૌર્ય મહાવ્રત પણ ચોરીને નિષેધ કરે છે. "કોપીરાઈટનાં કાયદાનો ઉદ્દેશ સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં ચોરી અને નકલ કરતાં અટકાવીને લેખકો કે કલાકારોને રક્ષણ આપવાનો અને જાહેર જનતાની છેતરપિંડી ન થાય તે માટે અધિકારોનું નિયંત્રણ કરવાનો છે."

વૈધાનિક દષ્ટિએ ઈંગ્લેંડમાં સૌપ્રથમ 1709નો કોપીરાઈનો કાયદો પસાર કરવામાં આવેલ. તેનાથી લેખકોને નકલો છાપવાનો અધિકાર આપવામાં આવેલ. કાયદાની જોગવાઈ અનુસાર પુસ્તકોના લેખકોને 21 વર્ષની મુદત સુધી પુસ્તકો છાપવાનો અબાધિત અધિકાર આપવામાં આવ્યો. જો કે વાસ્તવમાં કોપીરાઈટના કુદરતી અધિકાર મટી જતા લેખકોના અધિકારો ઉપર ઉલટાનું નિયંત્રણ આવ્યું. ત્યારબાદ 1775, 1852, 1854, 1875માં ઘણા ફેરફારો થયા છે. છેક 1911 સુધી અમલમાં રહ્યા. 1911માં કોપીરાઈટનો નવો સંપૂર્ણ અને વિસ્તૃત કાયદો ઘડવામાં આવ્યો.

ભારતમાં સૌપ્રથમ વખત મેકમિલન વિ.ખાન બહાદુરનાં કેસમાં બોમ્બે હાઈકોર્ટ ઈંગ્લિશ કોપી રાઈટ એક્ટ-1842 લાગુ પાડ્યો. જો કે ત્યારે સ્પષ્ટ રીતે એ કાયદો ભારતને લાગુ પાડવામાં આવેલ ન હતો. ઓક્ટોબર, 1912માં બહાર પડાયેલા જાહેરનામાથી ઇંગ્લેન્ડનો 1911નો કોપીરાઈટ કાયદો ભારતમાં લાગુ પડાયો. ત્યારબાદ ઈંગ્લેન્ડનાં 1911નાં કાયદા ઉપરથી ભારતમાં 1914નો કોપીરાઈટનો કાયદો ઘડવામાં આવ્યો અને તે અમલી બન્યો. પણ ત્યારબાદ વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારના ઝડપી વિકાસને લઈને રાષ્ટ્રના પ્રત્યેક ક્ષેત્રે ઝડપી વિકાસ થતાં પ્રકાશન ક્ષેત્રે નવી ક્ષિતિજો ખુલી. રેડિયો, ટેલિવિઝન, લીથો વગેરે પ્રકાશનની નવી નવી રીતો શોધાઈ અને વિકસી. કોપીરાઈટ ક્ષેત્રે પોતાના અધિકારો અને જવાબદારી પ્રત્યે લોકોમાં જાગૃતિ આવવા લાગી, પક્ષકારો વચ્ચે નવા પ્રકારનાં સંબંધો પ્રસ્થાપિત થતાં ગયા. આ પરિવર્તન પરિસ્થિતિ સાથે 1914માં કોપીરાઈટ એક્ટની જોગવાઈઓ માત્ર અપૂરતી જણાવા લાગી એટલું જ નહી પણ તેમાં અનેક ઉણપો પણ જણાવા લાગી. આથી 1957નાં કોપીરાઈટ એક્ટની રચના અનિવાર્ય બની ગઈ. તારીખ 4મી જુન, 1957નાં રોજ કાયદો મંજૂર કરવામાં આવ્યો અને તારીખ 21મી જાન્યુઆરી 1958 થી સમગ્ર ભારતમાં તેનો અમલ શરૂ કરવામાં આવ્યો. 1957ના કોપીરાઈટ કાયદામાં કુલ 79 કલમો છે અને કુલ 15 પ્રકરણોમાં વહેંચાયેલો છે. આ કાયદામાં 1984, 1995 અને 1999નાં વર્ષોમાં સુધારાઓ કરાયા છે.

નવા કાયદામાં લેખકોને સૌથી વધુ રક્ષણ આપવામાં આવ્યું છે. આ માટે લેખકોએ તેમના

